# જાહેરાત ક્રમાંક - ૧/૨૦૨૩-૨૪

આથી જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણની કચેરી હસ્તક આવેલ "અન્નપૂર્ણા કેન્ટીન"ના વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા માટે ભાવો મંગાવવામાં આવે છે. તો રસ ધરાવતી એજન્સી/પાર્ટીએ નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની કચેરીએથી કચેરી સમય દરમ્યાન સદર કોન્ટ્રાક્ટ માટેના ટેન્ડર ફોર્મ મેળવી તેમાં જણાવેલ શરતો મુજબ પોતાના ભાવો ભરી બંધ કવરમાં તા. ૧૨/૧૨/૨૦૨૩, સાંજે ૧૮:૦૦ કલાક સુધીમાં ફક્ત આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/કુરીયરથી "નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી-૩૯૬૪૫૦"ને મળી જાય તે રીતે મોકલવાના રહેશે. દરેક એજન્સી/પાર્ટીએ પોતાના બંધ કવર ઉપર "અન્નપૂર્ણા કેન્ટીનના વાર્ષિક કોન્ટ્રાક્ટના ભાવ" લખવાનું રહેશે. સંજોગોવસાત જે તે ટેન્ડરને રદ કરવાનો અધિકાર નીચે સહિ કરનારને અબાધિત રહેશે.

**સ્થળ: નવસારી**
**તા.૨૦/૧૧/૨૦૨૩**

**નિયામકશ્રી**
**વિદ્યાર્થી કલ્યાણ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

માહિતી/નવસારી/૪૪૨/૨૦૨૩

કચેરીના ઉપયોગ માટે

# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## અન્નપૂર્ણા કેન્ટીનના વાર્ષિક કોન્ટ્રાક્ટ માટેનું ટેન્ડર


**નિયામકશ્રી,**
**વિદ્યાર્થી કલ્યાણ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી-૩૯૬ ૪૫૦**
**મો.નં. ૯૯૭૯૮૮૮૯૬૨**
**ઈ-મેઈલ : dswnavsari@nau.in**
**વેબસાઈટ : www.nau.in**


Director of Students' Welfare

# ટેન્ડર ફોર્મ

## વિગત :  અન્નપૂર્ણા કેન્ટીનના વાર્ષિક કોન્ટ્રાક્ટ બાબત

| અ.નં. | વિગત | જથ્થો | ભાવ |
|---|---|---|---|
| ૧ | ચા - અડધી | ૬૦ મી.લી. | |
| ૨ | ચા - આખી | ૧૦૦ મી.લી. | |
| ૩ | કોફી - અડધી | ૬૦ મી.લી. | |
| ૪ | કોફી - આખી | ૧૦૦ મી.લી. | |
| ૫ | ગરમ દુધ | ૧૦૦ મી.લી. | |
| ૬ | છાશ (સાદી) | ૧૦૦ મી.લી. | |
| ૭ | લસ્સી (સાદી) | ૧૦૦ મી.લી. | |
| ૮ | ફરસાણ (ચવાણું) | ૧૦૦ ગ્રામ | |
| ૯ | ખમણ | ૧૦૦ ગ્રામ | |
| ૧૦ | ફાફડા | ૧૦૦ ગ્રામ | |
| ૧૧ | ભજીયા/ગોટા | ૧૦૦ ગ્રામ | |
| ૧૨ | બટાટા વડા | ૧૦૦ ગ્રામ | |
| ૧૩ | બટાટા પૌવા | ૧૦૦ ગ્રામ | |
| ૧૪ | માખણિયા બિસ્કિટ | ૧૦૦ ગ્રામ | |
| ૧૫ | પડવાળી બિસ્કિટ (ખારી) | ૧૦૦ ગ્રામ | |
| ૧૬ | સુરતી લોચો | ૧૦૦ ગ્રામ | |
| ૧૭ | સેવ ખમણી | ૧૦૦ ગ્રામ | |
| ૧૮ | સેવ ખમણ | ૧૦૦ ગ્રામ | |
| ૧૯ | ઘુઘરા | ૧૦૦ ગ્રામ | |
| ૨૦ | થેપલા | ૧૦૦ ગ્રામ | |
| ૨૧ | વણેલા ગાંઠિયા | ૧૦૦ ગ્રામ | |
| ૨૨ | પરોઠા | ૧૦૦ ગ્રામ | |
| ૨૩ | પેટીસ | ૧૦૦ ગ્રામ | |
| ૨૪ | ઉપમા | ૧૦૦ ગ્રામ | |
| ૨૫ | ઈડલી સાંભર | ૧૦૦ ગ્રામ | |

Director of Students' Welfare

**ભાવપત્રક મોકલનારની સહી,  સિક્કો અને સરનામું :**

| | | | |
|---|---|---|---|
| ૨૬ | ગુલાબજાંબુ | ૧૦૦ ગ્રામ | |
| ૨૭ | જલેબી | ૧૦૦ ગ્રામ | |
| ૨૮ | કચોરી | ૧૦૦ ગ્રામ | |
| ૨૯ | બ્રેડ પકોડા | ૧ નંગ | |
| ૩૦ | પફ | ૧ નંગ | |
| ૩૧ | સમોસા મોટા | ૧ નંગ | |
| ૩૨ | સમોસા નાના | ૧ નંગ | |
| ૩૩ | વડાપાઉ સાદા | ૧ નંગ | |
| ૩૪ | બટર વડાપાઉ | ૧ નંગ | |
| ૩૫ | દાબેલી | ૧ નંગ | |
| ૩૬ | પુરી-શાક | ૬ નંગ પુરી અને ૧૫૦ ગ્રામ શાક | |
| ૩૭ | ફીક્ષ લંચ | પ્રતિ ડીસ ૪ રોટલી, ૦૨ શાક, દાળભાત, પાપડ, સલાડ | |
| ૩૮ | અનલીમીટેડ લંચ | રોટલી, ૦૨ શાક, દાળભાત, પાપડ, સલાડ | |
| ૩૯ | બ્રાન્ડેડ ઠંડા પીણાં, આઇસ્ક્રીમ/સોડા/વેફર/બિસ્કિટ/ચોકલેટ વિગેરે | MRP મુજબ | MRP મુજબ |

Director of Students' Welfare

**ભાવપત્રક મોકલનારની સહી, સિક્કો અને સરનામું :**

**પરિશિષ્ટ-૧**

## નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતેની "અન્નપૂર્ણા કેન્ટીન" ના વર્ષ ૨૦૨૪ માટેના ઈજારાની બોલીઓ અને શરતો

| | |
|---|---|
| ૧ | "અન્નપૂર્ણા કેન્ટીન" ની સંપુર્ણ માલિકી નવસારી કૃષિ યુનિવર્સિટીની રહેશે. |
| ૨ | ટેન્ડર નિયત પ્રફોર્મમાં અત્રેની કચેરીએથી તા.૨૦/૧૧/૨૦૨૩ થી તા.૧૧/૧૨/૨૦૨૩ સવારના ૧૧:૦૦ થી ૧૮:૦૦ દરમ્યાન મેળવી ભરવાનું રહેશે, ટેન્ડર ભરવાની છેલ્લી તા.૧૧/૧૨/૨૦૨૩ સાંજે ૧૮:૦૦ કલાક સુધી રહેશે |
| ૩ | રસ ધરાવતી એજન્સીએ ટેન્ડરને લગતા કોઈ પ્રશ્નો હોય તો નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણની કચેરીનો રજાના દિવસો સિવાય સંપર્ક કરવો. |
| ૪ | ટેન્ડર તા.૧૨/૧૨/૨૦૨૩ ને સવારે ૧૧:૦૦ કલાકે ખોલવામાં આવશે. |
| ૫ | ઉપરોક્ત કામગીરી માટે ટેન્ડર ફી રૂ.૧,૫૦૦/- નો ડીડી "Account Officer (Cash), NAU, Navsari" ના નામે ટેન્ડર સાથે આપવાનો રહેશે. જે નોન-રીફન્ડેબલ રહેશે. ટેન્ડર ફી ભર્યા વગરનું ટેન્ડર સ્પર્ધામાં ગણતરીમાં લેવામા આવશે નહિ. |
| ૬ | ટેન્ડર સાથે EMD પેટે રૂ.૬,૦૦૦/- નો ડીડી "Account Officer (Cash), NAU, Navsari" ના નામનો રજૂ કરવાનો રહેશે જે યુનિવર્સિટી નિયમોનુસાર રિફંડ કરવામાં આવશે. |
| ૭ | ઈજારાની મુદત ૧૧ માસની રહેશે. પરંતુ મંજૂર થયેલ એજન્સીની સેવા સંતોષકારક જણાશે તો તેમની સેવાઓ પરસ્પર સહમતિથી લંબાવી શકાશે. ઈજારદાર વચ્ચેથી ગમે ત્યારે ઈજારો છોડી જાય ત્યારે ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. |
| ૮ | કેન્ટીનના ઈજારદારે ડીપોઝીટ રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)નો "Account Officer (Cash), NAU, Navsari" ના નામનો ડીડી, નિયામક વિદ્યાર્થી કલ્યાણ, ન.કૃ.યુ., નવસારીની કચેરીમાં જમા કરાવવાની રહેશે અને ઈજારો પૂર્ણ થયે મુદ્દા નં.૧૬માં જણાવ્યા અનુસાર કાર્યવાહી કરી ઈજારદારે ડીપોઝીટ પરત મેળવવાની રહેશે. |
| ૯ | ઈજારદારે કેન્ટીનનું લાઈટબીલ પોતે સમયસર ભરવાનું રહેશે. લાઈટબીલ સમયસર જમા ન થાય અથવા વિદ્યુતબોર્ડ સાથે કોઇ તકરાર થાય અને તે બાબતે ભરણુ ભરવાનું થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. ભરપાઈ કરેલ લાઈટબીલની રસીદની ઝેરોક્ષ નકલ કચેરીમાં જમા કરવાની રહેશે. |
| ૧૦ | કેન્ટીનનું માસિક ભાડું રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પૂરા) નક્કી કરવામાં આવેલ છે. જે રકમ પ્રતિ માસ તારીખ ૦૧ થી ૧૦ સુધીમાં નિયમિતપણે નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણની કચેરીમાં જમા કરાવવાની રહેશે. યુનિવર્સિટી કેન્ટીન વેકેશન/અમાન્ય કારણોસર બંધ રાખવા જણાવે ત્યારે તેટલા સમયનું ભાડું ઈજારદારે આપવાનું રહેતું નથી. |
| ૧૧ | કેન્ટીનમાં તેમજ તેના આસપાસના વિસ્તારની સંપૂર્ણ સ્વચ્છતા જાળવવાની જવાબદારી ઈજારદારની રહેશે. |
| ૧૨ | કેન્ટીન ઈજારદારે જરૂરી તમામ સાધન સામગ્રી, ચીજવસ્તુ, ગેસ, ગેસના ચુલા વગેરે પોતાના વાપરવાના રહેશે. તેમજ પીવાના પાણીની વ્યવસ્થા ઈજારદારે કરવાની રહશે. |
| ૧૩ | કેન્ટીન ઈજારદારે પોતાના ખર્ચે અને જોખમે તથા સરકારી કાયદા મુજબ કેન્ટીનમાં કામ કરવા માટે શ્રમયોગી મજુરો રોકવાના રહેશે. |

Director of Students' Welfare

| | |
|---|---|
| ૧૪ | કેન્ટીનમાં કાયદાથી પ્રતિબંધિત હોય તેવા પીણાં/સામગ્રી (જેમ કે સીગરેટ, બીડી, પાન-મસાલા, તમાકુ અને તેની બનાવટ વગેરે) નું વેચાણ કરી શકશે નહી. |
| ૧૫ | ફુડ સેફ્ટીના કાયદાનો સંપૂર્ણપણે અમલ કરવાનો રહેશે. આ માટે સર્ટીફીકેટ ટેન્ડર સાથે મુકવાનું રહેશે. જેની એક નકલ નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણની કચેરીમાં જમા કરાવવાની રહેશે. આ કામગીરીના ઠેકેદારે અત્રેથી ઓર્ડર આપયે સત્વરે ગુજરાત સરકાર / ભારત સરકારના ખાદ્ય વિભાગના નિયમોનુસાર લાયસન્સ ફરજીયાત મેળવી અત્રેની કચેરીમાં જમા કરાવવાનું તેમજ કેન્ટીન ખાતે લગાવવાનું રહેશે અને તેને વખતો-વખત રિન્યૂ કરાવવાનું રહેશે. |
| ૧૬ | ઈજારાની સમાપ્તિ વખતે ડીપોઝીટ પરત મેળવવા ડીપોઝીટ જમા કર્યાની ઓરીજનલ રસીદ અને છેલ્લે જમા કરેલ લાઈટબીલની રસીદની નકલ સાથે લેખિત અરજી કરવાની રહેશે. |
| ૧૭ | નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી મંજુર કરવામાં આવે તે જ ભાવે દરેક આઇટમનું વેચાણ કરવાનું રહેશે. દરેક આઇટમ વાઈઝ ભાવોના લીસ્ટનું બોર્ડ કેન્ટીનમાં અવશ્ય લગાવવાનું રહેશે. |
| ૧૮ | સ્વાસ્થયને હાનિકારક અને વાસી કે ઉતરતી ગુણવત્તાવાળી તેમજ વધુ કોસ્ટીક સોડાવાળી ખાદ્ય સામગ્રી/પીણાં કેન્ટીનમાં વેચી શકાશે નહી. નિયત કરેલ સમિતિ દ્વારા નિર્ધારિત નિયમોના પાલન બાબતે સમયાંતરે કેન્ટીનની મુલાકાત લેવામાં આવશે. તેમજ જરૂર જણાય તો કાચી તેમજ પાકી સામગ્રીની ચકાસણી કરવામાં આવશે. સમિતિની સુચનાનો ઈજારદારે સત્વરે અમલ કરવાનો રહેશે. |
| ૧૯ | કેન્ટીનમાં પીરસાતા ભોજન/નાસ્તા/ગરમ પીણાની કાચી સામગ્રી કમિશ્નર ઓફ ફૂડ સેફ્ટી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્યની સૂચના અને ગાઈડલાઈન મુજબ ફરજીયાત પણે વાપરવાની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. |
| ૨૦ | કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની સાથે, કેન્ટીનમાં કામ કરનારાઓ તરફથી વિનય, વિવેક અને સંયમપૂર્વકનો વ્યવહાર દાખવવામાં આવે તે અંગેની જવાબદારી ઈજારદારની રહેશે. |
| ૨૧ | કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ સાથેના કોઈપણ પ્રકારના નાણાંકીય વ્યવહારોની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. |
| ૨૨ | કેન્ટીનમાં ઉપસ્થિત આર.ઓ. તેમજ વોટર કુલર તથા ફર્નીચર અને યુનિવર્સિટીની માલ મિલકતની સંભાળ લેવાની જવાબદારી ઈજારદારની રહેશે. ફર્નીચર કે અન્ય ચીજ વસ્તુ કે યુનિવર્સિટી માલ મિલકતની થયેલ નુકશાનની ભરપાઈ ઈજારદારે કરવાની રહેશે. ઈજારો પુરો થયે જે તે વસ્તુઓ ચાલુ હાલતમાં રહેવી જોઈએ, અન્યથા ડીપોઝીટમાંથી સદર ખર્ચ સરભર કરી ડીપોઝીટ પરત કરવામાં આવશે. |
| ૨૩ | કેન્ટીનનો નિયત સમય સવારે ૦૭:૦૦ કલાક થી સાંજે ૦૭:૦૦ કલાક સુધી રહેશે. વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની પરીક્ષા ચાલુ હોય ત્યારે તેમજ જરૂરિયાત ઊભી થાય તેવા ખાસ કિસ્સામાં નિયામક વિદ્યાર્થી કલ્યાણની કચેરીની સૂચના મુજબ કેન્ટીનના ઉપરોક્ત સમયમાં ફેરફાર કરવાનો રહેશે. |
| ૨૪ | કેન્ટીનમાં વસ્તુના ભાવો બજાર ભાવોથી વધુ જણાશે તો તે ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. **ભાવપત્રકમાં દરેક આઈટમના ભાવો પૂર્ણ રકમના (તમામ ટેક્ષ સહિતના) ભરવાના રહેશે.** |
| ૨૫ | નાસ્તા માટેની ડીશ અને ચા માટેના કપના પૈસા અલગથી ગણવાના રહેશે નહીં. તેમજ થરમોકોલ કે પ્લાસ્ટિકની બનાવટના ડીશ/કપ પ્રતિબંધિત રહેશે. |
| ૨૬ | કેન્ટીન પરીસરમાં સરકાર દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરી શકાશે નહી. |
| ૨૭ | ટેન્ડર ફોર્મમાં જેના ભાવો ન્યુનતમ હશે તેને સદર કેન્ટીનનો ઈજારો આપવામાં આવશે. આમ છતાં સમિતિનો નિર્ણય આખરી રહેશે. |
| ૨૮ | કેન્ટીન અંગેની કોઈપણ ફરિયાદ બાબતે નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ, ન.કૃ.યુ., નવસારીનો નિર્ણય આખરી અને સંબંધિત તમામને સંપુર્ણપણે બંધનકર્તા રહેશે. |

Director of Students Welfare

| | |
|---|---|
| ૨૯ | ભાવપત્રકમાં દર્શાવેલ આઈટમ સિવાયની ચીજવસ્તુઓના વેચાણ માટે નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણની આગોતરી મંજુરી મેળવવાની રહેશે. |
| ૩૦ | કાનુની ક્ષેત્ર નવસારીનું રહેશે. |
| ૩૧ | સદર હરીફાઈમાં ભાગ લીધેલ તમામ એજન્સી પૈકી અત્રેથી ટેન્ડર ફોર્મમાં રજૂ કરેલ કુલ આઈટમો (મેનૂ) પૈકી સૌથી વધુ આઈટમોમાં જે એજન્સીના ભાવો ઓછા (ન્યૂનતમ) હશે તે જ એજન્સીના ભાવો ગ્રાહ્ય રાખવામા આવશે. |
| ૩૨ | આવેલ ભાવો પૈકી એકથી વધારે એજન્સીના ભાવો એક સરખા હશે તો નિયુક્ત થયેલ કમિટી દ્વારા સરખા બાદ સૌથી ઓછા ભાવો ભરનાર એજન્સી સાથે ભાવ વાટાઘાટ કરી એજન્સી નક્કી કરવામાં આવશે. વધુમાં, આ બાબતે યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ કમિટીનો નિર્ણય આખરી ગણાશે. તેમજ કેન્ટીન માટે આવેલ ભાવો માન્ય/અમાન્ય રાખવાની અબાધિત સત્તા સદરહુ કમિટીનો રહેશે. |
| ૩૩ | અત્રેથી ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ તમામ આઈટમોનું ફરજીયાત પણે વેચાણ કરવાનું ધ્યાને રાખી ભાવો ભરવાના રહેશે. |
| ૩૪ | ભાવો માન્ય થયેથી કેન્ટીન ચલાવવા માટેની નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની ૦૧ થી ૩૩ શરતો ઈજારદારને માન્ય અને બંધનકર્તા હોવા અંગેની લેખિત સંમતિ રૂ.૩૦૦/- ના નોન જ્યૂડીશીયરી સ્ટેમ્પ પેપર પર લખી આપવાની રહેશે. |
| ૩૫ | ઉપરોક્ત શરતો ૦૧ થી ૩૪નું પાલન ફરજીયાત કરવાનું રહેશે. આમાથી કોઈપણ એક શરતનો ભંગ થશે તો ટેન્ડર રદ કરવામાં આવશે. |

ઉપરોક્ત શરતો/નિયમોને સભાનપૂર્વક વાંચેલ છે અને તે પ્રમાણે તેનું પાલન કરવા સંમત હોવા બદલ આ સાથે સંમતિદર્શક સહી કરું છું.

તા.     /     /૨૦૨૩

**ભાવપત્રક મોકલનારની સહી, સિક્કો અને સરનામું :**

Director of Students' Welfare

# :: ભાવપત્રક ભરનાર પાર્ટીની પ્રાથમિક માહિતી ::

| | | | |
|---|---|---|---|
| ૧ | પાર્ટીનું નામ | : | |
| ૨ | સરનામું (પુરાવો રજુ કરવો) | : | |
| ૩ | મોબાઈલ નંબર | : | |
| ૪ | પાન નંબર (પુરાવો રજુ કરવો) | : | |
| ૫ | ટેન્ડર ફી ની વિગત (ડીડી નંબર, બેંક વિગેરેની માહિતી આપવી.) | : | |
| ૬ | EMD ની વિગત (ડીડી નંબર, બેંક વિગેરેની માહિતી આપવી.) | : | |

Director of Students' Welfare

**ભાવપત્રક મોકલનારની સહી, સિક્કો અને સરનામું :**